

# પાટીદાર સમાજ પરિશ્રમ, સંઘર્ષ, પ્રમાણિકતાનું પ્રતીક છે: સીએમ



**સુરતમાં** મોટા વરાછા ખાતે આયોજિત રાજસ્વી સન્માન સમારોહમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે પાટીદાર સમાજનાં વખાણ કર્યા

સુરત: એકતા અને સંગઠન પાટીદાર સમાજની સૌથી મોટી શક્તિ છે. પટેલ સમાજ માત્ર એક સમુદાય નથી, પરંતુ પરિશ્રમ, પ્રમાણિકતા, સંઘર્ષ અને નેતૃત્વનું જીવંત પ્રતિક છે. સરદાર સાહેબના લોખંડી મનોબળ અને દ્રઢ સંકલ્પ શક્તિમાંથી પ્રેરણા લઈ પટેલ સમાજે દેશવિદેશમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી તેમ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. સુરતની વિવિધ સંસ્થા અને સંગઠનોના સહયોગથી સમસ્ત લેઉવા પાટીદાર સમિતિ દ્વારા મોટા વરાછા ખાતે 'ભવ્ય રાજસ્વી સન્માન સમારોહ'માં બોલતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના મંત્રને પાટીદાર સમાજે આત્મસાત કર્યો છે અને 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાને સાકાર કરી સમાજની સંગઠન શક્તિનું સશક્ત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શિક્ષણ અને આધુનિકતાનો સ્વીકાર કરી અવિરત વિકાસ સાધવો એ પટેલ સમાજની વિશેષતા છે. જમીન સાથે જોડાયેલા સમાજે ખેતી, સિંચાઈ, જળ સંચય, જમીન સુધારણા અને આધુનિક ખેતી પદ્ધતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ પ્રસંગે અન્ય મહાનુભાવોમાં કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને નાણાં રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ, મેયર દક્ષેશ માવાણી, રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા, લવજી બાદશાહ, મુકેશ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. મહાનુભાવોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. લેઉઆ પાટીદાર સમિતિના અધ્યક્ષ વેલજીભાઈ શેટાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

## સરદાર પટેલ પાટીદાર હતા અને શિવાજી મહારાજ પણ પાટીદાર હતા: સી.આર.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે પાટીદાર સમાજને 'સૌરાષ્ટ્રનું ગૌરવ'ગણાવતા કહ્યું હતું કે, પાટીદાર હોવું એ એક વિશેષતા અને ગૌરવની બાબત છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ પણ પાટીદાર હતા અને છત્રપતિ શિવાજી મહારાજ પણ પાટીદાર હતા. પાટીદાર સમાજની સેવાની ભાવના અજોડ છે; ગામનો કોઈ પણ વ્યક્તિ ક્યારેય ભૂખ્યો ન સૂવે તે માટે આ સમાજ હંમેશા કાર્યરત અને જાગૃત રહે છે. પોતાની મહેનત અને પરોપકારના ગુણોને કારણે જ આ સમાજે સમાજસેવામાં એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## ગામના લુખ્ખા સીધા ચાલતા ગયા જ નથી : હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુનેગારનો કોઈ સમાજ હોતો નથી, ગુનેગાર સમાજનો દુશ્મન હોય છે. ગામનાં લુખ્ખા સીધા ચાલતાં ગયાં જ નથી. ગુનેગાર સામે કડક અને દાખલારૂપ કાર્યવાહી કેવી રીતે કરવી તે ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર સારી રીતે જાણે છે.

## ભાજપ અને પાટીદાર વચ્ચે નાડી અને નાભિનો સંબંધ છે: મનસુખભાઈ માંડવિયા

કેન્દ્રીય શ્રમ અને રોજગાર, રમતગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું કે, ભાજપ અને પાટીદાર વચ્ચે નાડી અને નાભિનો સંબંધ છે. સરદાર સાહેબ આપણી ભાતીગળ વિરાસતના પ્રેરક અને પ્રતીક છે. નવી પેઢીએ તેમના જીવનમાંથી સતત પ્રેરણા લેતા રહેવું જોઈએ.

## પાટીદારના પરિશ્રમથી ગામડાં સદ્ધર થયા: જીતુ વાઘાણી

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાટીદાર રત્નોએ શહેરોમાં કઠિન પરિશ્રમ કરીને સૌરાષ્ટ્રના ગામડાઓને આર્થિક રીતે સદ્ધર કર્યા છે.

## ગામડાંમાંથી કોંગ્રેસના કારણે માઈગ્રેશન થયું: વિશ્વકર્મા

પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા એ જણાવ્યું હતું કે કોંગ્રેસનાં કારણે માઈગ્રેશન થયું હતું. પાણી અને રોજગારીનાં અભાવે માઇગ્રેટ થયાં હતા.

## સન્માન સમારોહના વિરોધ કરવાની વાતો કરનારા આપના નેતા પાણીમાં બેસી ગયા

પાટીદાર સમાજના અન્ય અગ્રણીઓને સન્માન માટે બોલાવવામાં આવ્યા નહીં હોવાનો આક્ષેપ કરીને બેનરો ફાડીને આપના નેતા દ્વારા આજના કાર્યક્રમનો વિરોધ કરવાના દાવાઓ કર્યા હતા પરંતુ દાવાઓ પોકળ સાબિત થયા હતા. પોલીસે ગોઠવેલા કડક બંદોબસ્તને કારણે ખુલ્લો વિરોધ કરવાની વાતો કરનારા પાણીમાં બેસી ગયા હતા. વિરોધ કરનારાઓ સભામાં પણ ગયા નહોતા. વાતાવરણ બગાડવા માટે કરાયેલા હોકારા-પડકારાની સામે સુરત પોલીસે સમારોહ સ્થળે તમામને ચેકિંગ કરીને જ પ્રવેશ આપ્યો હતો. કહે છે કે વિરોધ કરનારા આપના નેતા સભાસ્થળે ફરક્યા પણ નહોતા.



## પાટીદાર સમાજના સભ્યોને સમારોહમાં જતાં રોકવામાં આવ્યા: આપનો આક્ષેપ

મોડીરાત્રે આપના નેતાઓ દ્વારા ફોટાઓ જારી કરીને એવા આક્ષેપો કરવામાં આવ્યા હતા કે સન્માન સમારોહમાં પાટીદાર સમાજના કાળુ વઘાસીયા અને મયુર તાગડીયાને જતાં રોકવામાં આવ્યા. ત્રણ-ત્રણ ડીસીપી પાસે બંનેની 'સરભરા' કરાવવામાં આવી હોવાનો આક્ષેપ પણ આપ દ્વારા કરાયો હતો. આપે એવા પ્રશ્નો પુછ્યા હતા કે સમાજના સભ્યોને જવા દેવામાં ડર શાનો હતો?

સેન્ટ્રલ ઝોનમાં જળ સંકટ

# ટેન્કર આપવામાં પણ તંત્રના અખાડા: રહીશોના આક્ષેપ

**અચાનક** ઊભી થતી પાણીની સમસ્યાથી લોકો ત્રાહિમામ, રજૂઆતો પછી પણ ઉકેલ નહીં

## આ અંગે કોઈ જાણ નથી, તપાસ કરીને જણાવીશું: કા. ઈજનેર, સેન્ટ્રલ ઝોન

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિએ આ અંગે જણાવ્યું હતું કે, હાલ આવી સમસ્યા અંગે કોઈ જાણકારી નથી. અમારા ધ્યાન પર આ વાત નથી આ અંગે તપાસ કરાશે અને નિરાકરણ લવાશે.

સુરત: સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પાણી પુરવઠો અત્યંત અનિયમિત બનતા સ્થાનિકોમાં ભારે હાહાકાર મચી ગયો છે. વેરો ભરતા નાગરિકોને પૂરતું પાણી તો નથી મળી રહ્યું, અને મહાનગરપાલિકા દ્વારા પાણી કાપ અંગેની કોઈ પૂર્વ સૂચના પણ આપવામાં આવતી નથી. આ અચાનક ઊભા થતાં સંકટને કારણે ગૃહિણીઓ પાણીનો સંગ્રહ પણ કરી શકતી નથી, જેના લીધે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. પીવાના પાણી જેવી પ્રાથમિક જરૂરિયાત માટે પણ લોકોએ વલખાં મારવા પડી રહ્યા છે, સેન્ટ્રલ ઝોનના રહેવાસીઓ દ્વારા આક્ષેપ કરાયા છે કે, મનપા દ્વારા ટેન્કરો પણ આપવામાં આવી રહ્યા નથી.

જ્યારે પાણી પુરવઠો ખોરવાય છે ત્યારે વિકલ્પરૂપે ટેન્કરો પૂરા પાડવાની જવાબદારી મનપાની હોય છે, પરંતુ સેન્ટ્રલ ઝોનનું પાણી ખાતું આ બાબતે સદંતર નિષ્ફળ સાબિત થયું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પાણી ખાતાના કર્મચારી દ્વારા ટેન્કરો મોકલવા બાબતે સતત ટાળટૂળભર્યું વલણ અપનાવવામાં આવે છે અને ટેન્કર આપવાનો સાફ ઈનકાર કરવામાં આવે છે. આ મનસ્વી વલણને કારણે ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકોની હાલત દયનીય બની ગઈ છે. પાણીની સમસ્યાથી વિસ્તારના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો કોઈ ઉકેલ ન આવતા હવે નાગરિકોમાં તંત્ર વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વહેલી તકે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ ઉઠી છે.

# સિટી બસના ડ્રાઈવરનું હાર્ટ એટેકથી મોત

**બ્લ્યુ** બસના 105 નંબરના રૂટ પર પાંડેસરા પહોંચ્યા અને બસ પાર્ક કરી બેઠા ને છાતીમાં દુ:ખાવો ઉપડ્યો

સુરત: બીઆરટીએસની ૧૦૫ નંબરની બ્લુ બસના ડ્રાઈવરને ડ્યુટી દરમિયાન છાતીમાં અચાનક દુ:ખાવો ઉપડતા બેભાન થઈ જવાથી મોત થયું હતું. ડોક્ટર્સના મતે હાર્ટ એટેકને કારણે મોત થયું હોવાની શક્યતા છે. સદનસીબે ઘટના સમયે બસ ચાલુ નહોતી અને પાર્ક કરેલી હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

મૂળ મહારાષ્ટ્રના અકોલાના વતની અને હાલ ભેસ્તાન વિસ્તારની દીપજ્યોત સોસાયટીમાં રહેતા ૩૮ વર્ષીય અરુણભાઈ તારાસિંગ રાઠોડ પત્ની, એક પુત્ર અને એક પુત્રી સહિતના પરિવારનું ભરણપોષણ કરતા હતા. તેઓ BRTS બસના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. આજે સવારે નિયમિત ડ્યુટી પર ગયેલા અરુણભાઈ સુરત રેલવે સ્ટેશનેથી ઉપડતી ૧૦૫ નંબરની બ્લુ BRTS બસ ચલાવતા હતા. બપોરે લગભગ ૩:૪૦ વાગ્યે પાંડેસરા ચીકુવાડી ખાતે સપ્તશૃંગી માતાના મંદિર સામે BRTS રૂટ પર બસ પાર્ક કરી કંડક્ટરની સીટ પર બેઠા હતા. તે જ સમયે અચાનક છાતીમાં તીવ્ર દુ:ખાવો થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. અરુણભાઈને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકને કારણે મોત થયું હોવાનું અનુમાન છે.

# ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી જાહેર

સુરત: આજે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. આગામી તા. ૬થી માર્ચ ૨૦૨૬નાં રોજ ગુજરાત બાર કાઉન્સિલના ૨૩ સભયોની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ચૂંટણીના જાહેર થયેલા કાર્યક્રમ મુજબ પ્રથમ મતદારી તૈયાર કરવામાં આવશે. મતદારયાદી પ્રસિદ્ધ થયા બાદ તા. ૧-૨-૨૬ થી તા. ૭-૨-૨૬ સુધીમાં ઉમેદવારી નોંધાવી શકાશે. ઉમેદવારોની અંતિમયાદી તા. ૧૩-૨-૨૬ના રોજ પ્રકાશિત થશે. તા. ૬-૩-૨૬ના રોજ મતદાન થશે. ત્યારબાદ તા. ૯-૩-૨૬ના રોજ મતગણના કરાશે. ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી લડવા માટે સુરતમાંથી ઘણા વકીલોએ પ્રચાર પણ શરું કરી દીધો હતો.ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી રમજાન માસ બાદ યોજવા રજુઆત પણ સુરતમાથી થઈ હતીં

# મુંબઈના ગુંડા બોલાવી મારી નાંખવાની વેપારીને ધમકી

**ગ્લોબલ** માર્કેટના વેપારીએ દંપતીને 3 કરોડનું કાપડ વેચ્યું હતું, બાકી 60 લાખની ઉઘરાણી કરી તો ધમકી આપી

સુરત: ન્યૂ બોમ્બે માર્કેટ સામે ગ્લોબલ માર્કેટમાં કાપડના વેપારીને ૬૦ લાખની ચૂકવણી અગ્રવાલ દંપતીએ આજદિન સુધી નહીં કરી ઠગાઈ આચરી હતી. વેપારીએ ઉઘરાણી કરતા દંપતિએ મુંબઈથી ગુંડા બોલાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

પરવત પાટીયા સમ્રાટ ટાઉનશિપમાં રહેતા ૩૯ વર્ષીય રૂપેશ રામ સ્વરૂપ રાઠી છેલ્લા ત્રણ વર્ષથી ગ્લોબલ માર્કેટમાં ગારમેન્ટસ ફેબ્રિક્સ નામે કાપડનો હોલસેલ વ્યવસાય કરે છે. ૨૦૨૪ના જુલાઈ માસમાં પંકજ અગ્રવાલ અને રીકલ પંકજ અગ્રવાલ (રહે. સ્ટાઈલ હોમ હાઇટ્સ, દેવધ રોડ) સંપર્કમાં આવ્યા હતા. તેમણે મુંબઈના કાંદીવલી (વેસ્ટ) વિસ્તારમાં "શ્રી શ્યામ ટેક્સ્ટાઈલ" નામે કાપડની હોલસેલ યુનિટ ચલાવતા હોવાનું જણાવી સમયસર પેમેન્ટ અને લેટ ચાર્જીસ આપવાની રૂપેશને ખાતરી આપી હતી.

રૂપેશે ૫/૮/૨૦૨૪થી ૧૦/૬/૨૦૨૫ દરમિયાન ટ્રાન્સપોર્ટ મારફતે અંદાજે રૂ.૩ કરોડનું કાપડ મોકલ્યું હતું. જેમાંથી રૂ.૨.૩૦ કરોડ જેટલી રકમ તબક્કાવાર ચૂકવી હતી. રૂપેશે બાકી રહેલા રૂ.૬૦ લાખની ઉઘરાણી કરતા આરોપીઓ દ્વારા "ધંધામાં મંદી છે" જેવા બહાના બતાવ્યા હતા. ત્યારબાદ ખાતામાં પૂરતી રકમ ન હોવા છતાં ચેક આપ્યા હતા, જેથી રૂપેશે બાકી રકમ બાબતે દબાણ કરતા આરોપીઓએ ગાળો આપી, માર મારવાની અને બોમ્બેના ગુંડાઓ બોલાવી જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આપી હતી. આ મામલે વરાછા પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

'ગુજરાતમિત્ર'ના સહકાર સાથે

# ભગવાન મહાવીર કોલેજ દ્વારા "MINDSPARK 2K26 - TechFest

**ફેસ્ટમાં** અનેક ગેમ્સનું આયોજન, વિજેતાઓને 5000 સુધીનાં ઈનામો અપાશે

**રજિસ્ટ્રેશન** માટે લિન્કનો સંપર્ક કરવાનો રહેશે

સુરત: 'ગુજરાતમિત્ર'ના સહકાર સાથે સુરતની ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટના MCA અને IMCA વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભા પ્રદર્શિત થાય તે હેતુસર આગામી તા.10મી જાન્યુ.ના રોજ "MINDSPARK 2K26 - TechFest "નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટેકફેસ્ટમાં B.Com, BBA, BCA, BSc. IT, MCA, MSC.It તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે અને પોતાની કૌશલ્ય, સર્જનાત્મકતા અને ટેકનિકલ પ્રતિભા રજૂ કરી શકશે.

આ ટેકફેસ્ટનો હેતુ વિદ્યાર્થીઓમાં ટેકનિકલ જ્ઞાન, સ્પર્ધાત્મક ભાવના અને ટીમ સ્પિરિટ વિકસાવવાનો છે. ફેસ્ટમાં બેટલ ગ્રાઉન્ડ (પબજી-ફ્રી ફાયર), બોક્સ ક્રિકેટ, રીલ મેકિંગ, કોડિંગ નિન્જા, ક્લેશ ઓફ કોડ, ટ્રેઝર હન્ટ, સ્નેક-લેડર, ગુગલર જેવી ગેમનો સમાવેશ કરાયો છે.

વિજેતાઓ માટે રૂા. 5,000 સુધીના આકર્ષક કેશ પ્રાઈઝ રાખવામાં આવ્યા છે. રજીસ્ટ્રેશન માટે https://docs.google.com/ forms/d/e/1FAIpQLSeEvW2qj_fHn9gWI7hrw MVxehb PGwC--onYjf4KYs BScZv2nA/viewform લિંક પર સંપર્ક કરવાનો રહેશે.

# સુરતમાં ઠંડીનો પારો દોઢ ડિગ્રી ઘટીને 16.0

**0.4 ડિગ્રીના** નજીવા વધારા સાથે દિવસે પણ ઠંડક વર્તાઈ, ઠંડી વધવાનો વર્તારો

સુરત: સુરત શહેરમાં આજે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. શહેરનું મહત્તમ તાપમાન 0.4 ડિગ્રી વધીને 29.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો નોંધાતા તે 16 ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી ગયું હતું. રાત્રીના તાપમાનમાં આવેલા ઘટાડાના કારણે શહેરમાં ઠંડીનો અહેસાસ વધ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરમાં હવામાં 64 ટકા ભેજ નોંધાયો હતો અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 6 કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો.

ગઈકાલે ઉત્તર દિશાનો પવન 10 કિમીની ઝડપે ફૂંકાયા બાદ આજે તાપમાનમાં ઘટાડો નોંધાયો હોવાનું હવામાન નિષ્ણાતો જણાવે છે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. આ સાથે જ પવનોની ગતિમાં પણ વધારો થઈ શકે છે. સામાન્ય રીતે પવનની ઝડપ 5થી 10 કિમી પ્રતિ કલાક રહેવાની સંભાવના છે. ખાસ કરીને ઉતરાયણના સમયગાળામાં પવનોની ગતિ વધતી હોય છે, જેના કારણે ઠંડી વધુ અનુભૂતિ થઈ શકે છે.

# કાપડક્ષેત્રની PLI માટે અંતિમ તારીખ લંબાવાઈ

**કાપડ** મંત્રાલયે ઉદ્યોગને વધુ સમય આપવા 31 માર્ચ 2026 સુધી મુદત વધારવાની જાહેરાત કરી

સુરત: કાપડ ઉદ્યોગને વધુ પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના હેઠળ નવી અરજીઓ સબમિટ કરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે. કાપડ મંત્રાલયે શુક્રવારે સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે હવે ઉદ્યોગકારો 31 માર્ચ 2026 સુધી આ યોજના માટે પોતાની અરજીઓ દાખલ કરી શકશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરમાંથી ખાસ કરીને મેન-મેડ ફાઇબર (MMF) અને ટેક્નિકલ ટેક્સટાઇલ ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓ તરફથી વધુ સમયની માંગ કરવામાં આવી હતી. PLI યોજના હેઠળ પસંદગી પામનાર એકમોને ઉત્પાદન વધારાના આધારે નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવે છે. કાપડ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે મુદત વધારવાથી મધ્યમ અને મોટા ઉદ્યોગોને તેમના પ્રોજેક્ટ ફાઇનલ કરવા તથા જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાની તક મળશે. ખાસ કરીને ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ જેવા કાપડ ઉદ્યોગના મુખ્ય રાજ્યોમાં આ નિર્ણયથી નવી આશા જગાઈ છે. ઉદ્યોગ જગતમાં આ નિર્ણયનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. કાપડ વેપારીઓ અને ઉત્પાદકોનું માનવું છે કે વધારાનો સમય મળવાથી વધુ એકમો PLI યોજનાનો લાભ લઈ શકશે.

# અવકાશનો માર્ગ મુશ્કેલ નથી : એસ. સોમનાથ

**ઈસરોના** પૂર્વ ચેરમેન અને ચંદ્રયાન-૩ના મુખ્ય દૃષ્ટા ડો. એસ. સોમનાથ સાથે એલ.ડી. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓનો પ્રેરણાદાયક સંવાદ યોજાયો

**વિદ્યાર્થીઓએ** અવકાશ વિજ્ઞાન અંગે અનેક મહત્ત્વના પ્રશ્નો પૂછ્યા



સુરત: સુરત શહેરની એલ.ડી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે આજે એક યાદગાર અને ગૌરવભર્યો અવસર પ્રાપ્ત થયો હતો. ચંદ્રયાન-૩ મિશનના મુખ્ય દ્રષ્ટા અને ઈસરોના પૂર્વ ચેરમેન આદરણીય ડો. એસ. સોમનાથ સાથે રૂબરૂ મુલાકાત અને સંવાદ કરી પ્રશ્નોની ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

દીશા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં સુરત શહેરની નામાંકિત શાળાઓના વિદ્યાર્થીઓ સાથે એલ.ડી. હાઈસ્કૂલના પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ માત્ર સાંભળ્યું જ નહીં, પરંતુ અવકાશ વિજ્ઞાન અંગે મનમાં ઉદ્ભવતા અનેક મહત્વના પ્રશ્નો પૂછ્યા હતા. વિદ્યાર્થીઓની ઉત્સુકતા અને જિજ્ઞાસા જોવા મળી હતી. વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપતાં ડો. એસ. સોમનાથે જણાવ્યું કે, "ટેકનોલોજીના સહારે જ અવકાશ જ્ઞાનનો વિસ્તાર શક્ય છે. શાળા સ્તરેથી જ વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવામાં આવે તો વિદ્યાર્થીઓ સરળતાથી ખગોળશાસ્ત્રને અભ્યાસક્રમ સાથે જોડીને સમજી શકે."

ડૉ. સોમનાથે પોતાના જીવનના અનુભવો સાથે ઈસરોના ભવ્ય ઇતિહાસની વાતો કરી, જે વિદ્યાર્થીઓ માટે માત્ર માહિતી નહીં પરંતુ પ્રેરણાનું સ્ત્રોત બની. અવકાશ ક્ષેત્રે ભારતે કેવી રીતે વિશ્વમાં આગવું સ્થાન મેળવ્યું છે તે વાતો વિદ્યાર્થીઓએ આતુરતાથી સાંભળી હતી.

ઈસરો ભારતની એવી અવકાશી ક્ષેત્રે સંશોધન કરતી સંસ્થા છે કે તેના એક પછી એક સફળ મિશનનના કારણે વિદ્યાર્થીઓમાં તેમની રુચી વધી છે. અવકાશના મિશનો તો અનેક દેશ પાર પાડે છે પરંતુ ઈસરો જેટલા ઓછા ખર્ચમાં આવા મિશન પાર પાડવા તે અમેરિકાની નાસાની પણ ક્ષમતા નથી. ઈસરોના દરેક મિશન ખૂબ જ મહત્વના હોય છે ખાસ કરીને મિશન મૂનની સફળતાએ તો દુનિયાના તમામ દેશના વૈજ્ઞાનિકોને વિચારતા કરી દીધા હતાં.

## વિદ્યાર્થીઓએ આ પ્રશ્નો પૂછ્યા

- ખગોળશાસ્ત્રનો અભ્યાસ શાળાના અભ્યાસક્રમ સાથે કેવી રીતે સાંકળી શકાય?
- ઈસરોમાં અભ્યાસ કરવાની પ્રક્રિયા શું છે?
- ઈસરોમાં નોકરી મેળવવા માટે કયા માર્ગો ઉપલબ્ધ છે?
- અભ્યાસ અને કારકિર્દી માટે અમેરિકા જવું યોગ્ય કે ભારતમાં જ રહેવું?
- ઈસરોના ભવિષ્યના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ કયા છે?

## 'ભારતમાં જ રહો, ભારતને ઉન્નત બનાવો'નો સંદેશ

અમેરિકા કે વિદેશમાં સેટ થવાની ચર્ચા દરમિયાન ડો. સોમનાથે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, "ભારતમાં જ રહો, અહીં રહેલી તકોનો ઉપયોગ કરીને દેશને વધુ મજબૂત અને ઉન્નત બનાવો." તેમના આ શબ્દોએ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો. ઈસરોમાં અભ્યાસ અંગે તેમણે જણાવ્યું કે, ઈસરો દ્વારા એક વર્ષ, છ મહિના તેમજ અઠવાડિયાના વિવિધ તાલીમ કોર્સિસ ચલાવવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને અવકાશ ક્ષેત્ર તરફ આગળ વધવામાં મદદરૂપ બને છે.

## ''હેપ્પી ન્યૂ યર'': પૂર્વ પ્રેમિકાના ભાઈઓ અને પિતા પર હુમલો

સુરત: પાંડેસરામાં પ્રેમમાં પાગલ યુવકે તેની પૂર્વ પ્રેમિકાના પરિવાર પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, પાંડેસરાના વડોદ ગામમાં રહેતી અને વરાછાની એક ખાનગી બેંકમાં સેલ્સ મેનેજમેન્ટમાં નોકરી કરતી ૨૩ વર્ષીય યુવતીને અગાઉ મોહિત રામજશ પટેલ સાથે પ્રેમસંબંધ હતો, જે ટોળી નાંખ્યા બાદ પણ તે પીછો છોડતો ન હતો. ૧લી જાન્યુઆરી ૨૦૨૬ની સાંજે જ્યારે યુવતીના ભાઈઓ અને પિતા તેમની વાસણની દુકાને હાજર હતા, ત્યારે આરોપી મોહિત પટેલ તેના મિત્રો વિવેક તિવારી અને પવન સાથે ત્યાં પહોંચ્યો હતો. શરૂઆતમાં 'હેપ્પી ન્યૂ યર' કહી વાતચીત શરૂ કર્યા બાદ યુવતીના ભાઈઓ અને પિતાને ઢીક-મુક્કીનો માર માર્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ કોઈ ચાવી જેવી તીક્ષ્ણ વસ્તુ વડે માથાના અને આંખના ભાગે ઈજાઓ પહોંચાડી હતી.

# અકસ્માત વળતર કેસનો ચાર જ માસમાં નિકાલ

**મૃતકના** વારસદારોએ ૧.૩૦ કરોડની વળતર અરજી કરી હતી, 1 કરોડમાં સમાધાન થયું

સુરત: મોટર અકસ્માત વળતર અરજીમાં માત્ર ચાર જ માસમાં રૂ.એક કરોડના સમાધાન સાથે અંતિમ નિરાકરણ આવતાં ન્યાય પ્રણાલીમાં ઝડપી અભિગમનું નોંધપાત્ર ઉદાહરણ સર્જાયું છે.

આ કેસમાં મૃતક ધર્મેશભાઈ છનાભાઈ પટેલ (રહે. વૃંદાવન સોસાયટી, કપુરા, તા. વ્યારા) ૨૩/૦૬/૨૦૨૫ના રોજ વડોદરાથી પોતાની કાર નંબર GJ-26-N-2278 દ્વારા ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન લકોદરા ગામની સીમમાં, રસ્તાની ડાબી બાજુએ ધીમી ગતિએ જતા હતા ત્યારે આઈસર ટ્રક નંબર GJ-06-VV-5293 બેદરકારીપૂર્વક, અત્યંત પુરઝડપે અને રોંગ સાઈડમાં આવી કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ધર્મેશભાઈનું અવસાન થયું હતું. મૃતક ધર્મેશભાઈ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને માસિક રૂા. ૮૩,૩૧૫ પગાર મળતો હતો. તેમના વારસદારો પત્ની લતાબેન ધર્મેશભાઈ પટેલ, પુત્રી હેત્વી પટેલ, પુત્રી પટેલ અને માતા નવ્યા મંજુલાબેન છનાભાઈ પટેલે રૂ. ૧,૩૦,૦૦,૦૦૦ના વળતર માટે અરજી કરી હતી. આ કેસમાં અરજદારો તરફે એડવોકેટ ભાવેશભાઈ કાપડીયા અને સુરેશ યાદવે અસરકારક રજૂઆતો કરી હતી. સામા પક્ષે સમાધાનકારી વલણ અપનાવી ઝડપી કાર્યવાહી કરી હતી. બંને પક્ષોની સહમતિથી માત્ર ચાર માસની અંદર રૂા. એક કરોડના વળતર પર સમાધાન થતાં અરજદારોને તાત્કાલિક ન્યાય મળ્યો છે.